# પાઉલની જેમ સતાવણીનો સામનો કરવો

***બાળકોને શીખવનારે અભ્યાસ P3a વાંચવો.***



''જો એફેસસમાં માણસની પેઠે હુ સાવજોની સામે લડયો તો મને શો લાભ છે જો મૂએલા ઊઠતા નથી તો ભલે ખાઈએ તથા પીઈએ કેમકે કાલે આપણે મરવાના છીએ.'' ૧ કોરીથી ૧૫: ૩૨

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ તમે જેમ પાઉલને ગેરવ્યાજબી સતામણીનો સામનો કરવા શકિત સમજણ ધીરજ અને કૃપા આપ્યા તેમ અમને પણ આપો

**૧. તમારા હૃદય ઈશ્વર ના વચનથી સતાવણી સામે ઝઝુમવા તૈયાર કરો.**

**નોધ :** આખી જીંદગી દરમિયાન દરેક જણ અણગમતી વાતો સહન કરે છે જુદી જુદી જાતના દુઃખો હોય છે આપણા વાંક વગર પણ **પીડા** સહન કરીએ છીએ આપણે શેતાનનો **જુલમ** સહીએ છીએ આપણા ધર્મને ધિક્કારનાર તરફથી આપણે **સતામણી** સહીએ છીએ. ધાર્મિક સતાવણી બધા આગળ પડતા દેશોમાં ગેરકાયદેસર છે. છતાં થાય છે.

ધાર્મિક સતાવણી થાય ત્યારે આપણે ઈસુને વિશ્વાસુ રહેવા માટે કૃપા આપે અને આપણી સતાવણી કરનારાને ઈશ્વર આશિર્વાદ આપે અનુયાયી જેઓ કાયદો જાણે છે તેઓએ બધી વિશ્વાસી મંડળીઓ સતાવણી સહેવા શાંત સામાજિક પગલા લેવા જોઈએ

**માર્ક ૮: ૨૭-૩૮** વાંચી ઈસુ અને તેના દુઃખો વિષે મહત્વના સત્યો શીખો.

- શોધો ખરેખર ઈસુ કોણ હતા ? (જુઓ કલમ ૨૭-૩૦)
- ઈસુ પૃથ્વી પર કેમ આવ્યા તે જાણો (કલમ ૩૧-૩૩)
- તેમના અનુયાયીઓ શું કરે તે માટે ઈસુ શું ઈચ્છતા હતા ? (કલમ ૩૪-૩૮) તે જાણો .

**પ્રે.કૃ.૮: ૩ માં** ખ્રિસ્તને મળ્યા પહેલા પાઉલે અનુયાયીઓને શું કર્યુ તે જુઓ.

**પ્રે.કૃ ૯: ૧-૩૧ માં** ઈશ્વરે શાઉલને અનુયાયીઓનો શિકાર કરવામાંથી તેમની સેવા કરવામાં કેવી રીતે ફેરવ્યા તે જાણો.

- પ્રથમ શાઉલે કેવી રીતે જાણ્યુ કે ઈસુ જીવંત છે અને સર્વ બાબતો તેમના વશમાં છે ?
- (કલમ ૧-૮)
- ઈશ્વરનો શાઉલ માટે કયો હેતુ હતો ?
- (કલમ ૧૫)
- શાઉલે ને શુ થશે તે વિષે ઈશ્વરે શુ કહ્યુ ?
- (કલમ ૧૬)
- ઈસુને શાઉલે પ્રથમ કેવો પ્રત્યુતર આપ્યો ?
- (કલમ ૧૭-૧૯).
- શાઉલે કયા શિખાવ્યુ અને પ્રથમ બે જગ્યોઓમાં તેણે શાનો સામનો કર્યો.
- (પ્રે.કૃ.૧: ૨૦-૩૦)

**પ્રે.કૃ.૧૩:૪૯ - ૧૪:૨૩** શાઉલે (હવે પાઉલ) સુવાર્તિક કામ કરતા કેવી રીતે દુઃખ સહ્યુ તે જાણો.

- ઈસુએ કહ્યુ કે જો તમારો કોઈ આવકાર કરે નહી તો નીકળતા પહેલા તમારા પગની ધૂળ ખંખેરી નાખો
- (માત્થી ૧૦:૧૪)
- પાઉલ અને બાર્નાબાસે અંત્યોખ છોડયુ ત્યારે લોકોની વિરૂદ્ધ તેઓએ શુ કર્યુ

- (પ્રે.કૃ.૧૩: ૫૦-૫૧)
- દેવના રાજયમાં જવા શિષ્યોએ શુ કરવુ પડે છે ?
- (પ્રે.કૃ ૧૪:૨૨)
- પ્રેરિતો ઈકોનિયામાંથી શા માટે નાસી ગયા ?
- (પ્રે.કૃ ૧૪: ૧-૬)
- પથ્થરે મારનાર લોકોએ તેને લુસ્ત્રામાંથી કેમ હાંકી કાઢયો
- (પ્રે.કૃ.૧૪: ૭-૨૦)

**૨કોરીંથ ૧૧: ૨૩-૩૩ માં** પાઉલે જુદી જુદી રીતે કેટલી વાર સહન કર્યુ તે જાણો.

**૨ તીમોથી** ૩:**૧૦-૧૨ માં**થી સતાવણીની આશા કોણ રાખે તે જાણો.

**પ્રે.કૃ.૧૬: ૧૬-૩૪ માં**થી ફીલીપીના લોકોએ પાઉલ અને સિલાસ પ્રત્યે કેમ ગેરવર્તન કર્યુ તે શોધો

**પ્રે.કૃ ૧૭: ૧૨ માં**થી સતાવણી પછી સામાન્ય રીતે શું બને તેનુ ઉદાહરણ જૂઓ

**૧ થેસ્સા ૧:૬ - ૭**

**૧ થેસ્સા ૨: ૧૪-૧૬** આવીજ રીતે તેઓએ યહુદાની મંડળીઓની કેવી રીતે નકલ કરી તે શોધો

**૧ થેસ્સા ૩: ૨-૪** આપણે નવા અનુયાયીઓને સતાવણી અંગે શું કહેવું છે તે જાણો.

**રૂમી ૮: ૧૬-૧૭** ખ્રિસ્તના દુ:ખો સાથે આપણે શામાં ભાગીદાર બનીએ છીએ તે જાણો

**રૂમી ૮:૨૮** લોકો ગેરવર્તન કરે ત્યારે આપણે આપણા હૃદયમાં શાંતિ રાખવી તે જાણો

**રૂમી ૮ :** ૩૩-૩૧ ઈસુના પ્રેમના કારણે કેવી વસ્તુઓ પર આપણે વિજય મેળવીએ તે જુઓ.

**માત્થી ૫: ૧૦-૧૨** માં જયારે આપણે સતાવણી વેઠીએ છીએ ત્યારે આપણને કેવું ઈનામ મળશે તે જુઓ

**યોહાન ૧૫: ૧૮-૧૯** માંથી જેઓ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તેમને વિશ્વ કેમ ધિક્કારે છે તે જાણો

૨. **આગામી અઠવાડિયામાં કરવાની પ્રવૃતિઓનુ સાથી કાર્યકારો સાથે આયોજન કરો.**

- સતાવણીને સ્વીકારવા અને સમજણપૂર્વક પ્રત્યુતર આપવા ઈશ્વરની શકિત માટે બધા સાથે મળી પ્રાર્થના કરો.
- સતાવણી સહેનારાની મુલાકાત કરી તેમને ઈશ્વરના વચનની ખાત્રી આપો.
- સતાવણીના ભયના કારણે જો તમારૂ ટોળું આ અગત્યની પ્રવૃતિનો બહિષ્કાર કરે તો માર્ગદર્શન માટે પ્રાર્થના કરો પાઉલે કર્યુ તે વિચારો જે સતાવણી પામ્યો (ઈસુને અનુસરતો તેના વચનો શીખવતો, સાજા કરતો, ભૂતોને કાઢતો, ઈશ્વરમય જીવન જીવતો વગરે)
- સતાવણી અંગેનો અહેવાલ છાપતી આંતરરાષ્ટ્રિય સમાચાર સંસ્થાઓનો સંપર્ક સાધો.
- સતાવણીનો સામનો કરવા તમારી યોજનાઓમાં સાથે મળી સંમત થાઓ.

૩. **આગામી ભકિતસભા માટેની પ્રવૃતિઓની સાથી કાર્યકરો સાથે યોજના કરો.**

તમારા જુથ (ટોળું) ની વર્તમાન જરૂરિયાતો અને પરિસ્થિતિને બંધબેસતી પ્રવૃતિઓ પસંદ કરો.

માર્ક ૮: ૩૪-૩૮ માંથી ઈસુના દુ:ખોનુ સત્ય **સ્પષ્ટ કરો.**

પાઉલના દુ:ખોના સત્યો **સ્પષ્ટ કરો.** પાઉલે વેઠેલ સતામણી અંગેની વાર્તાઓ વાંચો અથવા નાટક ભજવો.

આપણા દુઃખનું **સત્ય જણાવો.**

- ઉપકરોત જણાવેલ કલમોથી ઉદ્‌ભવેલ સવાલો વાંચી ચર્ચા કરો.
- એ સમજાવો કે વખતોવખત પ્રભુ કઈ રીતે પોતાના લોકોને શાંતિના સમયગાળાઓ આપે છે ઘણી વખત સતાવણી કરનારને બચાવીને પ્રભુ આ કાર્ય કરે છે (પ્રે.કૃ.૧-૩૧) અથવા રાજકિય સતાવાળાઓ માટે આપણે જે પ્રાર્થના કરીએ છીએ તે સાંભળીને પ્રભુ આ કાર્ય કરે છે (૧તિમોથી ૨ઃ ૧-૨)

**બાળકોએ** તૈયાર કરેલા નાટક પ્રશ્નો સભાજનો આગળ રજુ કરવા દો.

તાજેતરમાં સતાવણી વખતે વિશ્વાસીઓ કેવી રીતે વર્ત્યા તે અંગે તેમને સાક્ષી આપવા દો.

**પ્રભુની મેજની** સેવા માટે માર્ક ૧૦ઃ૩૨-૪૪ વાંચો અને કહી જાવ. તેમાં 'મરણ' ના પ્યાલા વિષે પ્રભુ ઈસુ કહે છે કે તેણે અને આપણે તે પિવો જ પડે. ખ્રિસ્તની સાથે આત્માથી તેના મરણ અને પુરુનત્થાન માં આપણે જોડાઈએ છીએ તેમ વિચારવા પ્રભુભોજન આપણને મદદ કરે છે.

બે કે ત્રણ જણના **જુથ** કાયમી રચો  પ્રાર્થના કરો સતાવણી સમયે શું કરવુ તેની યોજના કરો અને એક બીજાને પ્રોત્સાહિત કરો.

૨ તિમોથી ૩ : ૧૨ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net